
ચેલ્મના બાળકો

ડેવિડ એડલર ચિત્ર: આર્થર ફ્રાઈડમૅન




ચેલ્મના બાળકો


ડેવિડ એડલર

ચિત્ર: આર્થર ફ્રાઈડમૅન

અનુક્રમણિકા








ચેલ્મ

બે ચેલ્મ છે. એક છે અસલી ચેલ્મ, જે પોલેન્ડના સૌથી પ્રાચીન શહેરોમાંથી એક છે. સેંકડો વર્ષોથી ત્યાં રહેવાવાળા યહૂદીઓને અત્યાચાર અને હૂમલાનો સામનો કરવો પડયો હતો, અને એના પર અનુચિત કર લગાવવામાં આવ્યો હતો.


બીજું ચેલ્મ કોઇ વાસ્તવિક જગ્યા નથી, તો પણ મોટા ભાગના લોકો એના વિષે જાણે છે. આ ચેલ્મ વિષે ઘણી વાર્તાઓ લખાયેલી છે. આ એ જગ્યા છે, જ્યાં યહૂદીઓએ પોતે પોતાનીજ નાદાનીને લીધે તકલીફો સહી છે.

ચેલ્મની વાર્તાઓ આપણા ઇતિહાસના બહુ કાળા સમયમાં કહેવામાં આવી છે. આશા છે કે આ વાર્તાઓ વાસ્તવિક ચેલ્મમાં અને બીજે વસેલા હૂદીઓના હસવાનું કારણ બની હશે.



બાળકો અને એના સ્નાન

ચેલ્મમાં સૅબથ, એટલે શનિવાર, એક આરામ કરવાનો દિવસ હતો. પણ શુક્રવાર નહીં. શુક્રવારે પુરુષો, સ્ત્રીઓ અને બાળકો, બધા સૅબથની તૈયારીની ભાગ-દોડમાં લાગતા હતા. એ ખાવાનું બનાવવા અને સફાઈ કામમાં વ્યસ્ત રહેતા હતા.




બાળકો માટે શુક્રવારનો દિવસ સ્નાન કરવાનો દિવસ પણ હતો. ચેલ્મમાં કોઈ મોટા ટબ કે ડ્રમ તો હતા નહીં, એટલે બાળકો નદીમાં જ સ્નાન કરતા હતા.

"મને આ પાણી જરાય સારું લાગતું નથી," બાળકો ચીસ પાડતા, "એ બહુ ઠંડુ છે."


"માઁ, માઁ, એક દેડકો મારા પગ નીચે આવી ગયો."

"વરસાદ વરસવા લાગ્યો, હું ભીંજાઈ રહ્યો છું."



જેમ અઠવાડિયા વિતતા ગયા, બાળકોનું ચીસ પાડવાનું વધતું જ ગયું. આખરે એ અવાજો એટલા વધી ગયા કે સેનાની એક ટૂકડીને લાગ્યું કે કોઈ યુદ્ધ શરુ થઈ ગયું છે, અને એ કૂચ કરતી ચેલ્મમાં પહોંચી ગઈ.

સૈનિક શોધવા લાગ્યા કે કોની સાથે યુદ્ધ કરવાનું છે. બધા ચેલ્મના ધૂળ અને કીચડથી ભરેલા રસ્તાઓ પર દોડધામ કરી રહ્યા હતા, અને ઘરોના દરવાજા ખોલી-ખોલીને જોઈ રહ્યા હતા. પણ એને કેવળ સૅબથની તૈયારી કરતા પુરુષો અને મહિલાઓ જ દેખાયા. પછી એ નદી તરફ ગયા. પણ ત્યાં એને કેવળ બાળકો જ મળ્યા.



જયારે સૈનિકો ચાલ્યા ગયા, તો સેન્ડર નામના એક મોચીએ બાળકો અને એના માતા-પિતાને ભેગા કર્યા. એ બધાને લઈને એક નાના ઘરમાં ગયો, જ્યાં ચેલ્મની ગ્રામ પંચાયત બેઠી હતી.

"આપણે શું કરીયે?" સેન્ડરે પૂછ્યું. "આપણા બાળકોને નાહવાનું જરાય ગમતું નથી, પણ એને સૅબથ માટે સાફ-સૂથરાં રહેવું પણ જરૂરી છે."

"હં," એક સભ્યે કહ્યું, "બાળકોને થોડા ઓછા સમય માટે સ્નાન કેમ કરાવતા નથી?"


"નહીં," બીજા સભ્યે કહ્યું, "એને પાણી વગર નાહવા ધો. નદી કિનારા સુધી ચાલ્યા જાય, પણ પાણીમાં ન ઉતરે. પછી ન તો એને ઠંડી લાગશે, અને ન એના પગ નીચે દેડકા આવશે."

"મૂરખ," ત્રીજાએ કહ્યું, "જો એ ભીંજાશે જ નહીં, તો પોતાને સૂકા કેવી રીતે કરશે?"



પંચ પૂરા સાત દિવસ સુધી એના પર ચર્ચા કરતું રહ્યું. એ પૂરા સમય દરમ્યાન, બેરેલ, જે એમાંથી સૌથી બુદ્ધિમાન હતો, વિચાર કરતો રહ્યો. એ એની આંગળીઓ પર કંઇક ગણી રહ્યો હતો, અને એક કાગળ પર કંઇક લખી પણ રહ્યો હતો. અચાનક એ ઉઠીને ઉભો થયો.

"હું સમજી ગયો," એણે બૂમ પાડી, "મેં બધી સંખ્યાઓનું અધ્યયન કરી લીધું છે, અને આખી વાત હું સમજી ગયો છું."



"એક મૂરખ પણ જાણે છે કે 50 સોનાના સિક્કા, તમે એક-એક કરીને ભેગા કરો, અથવા તમને 50 સિક્કાથી ભરેલો બટવો મળે, એ એક જ વાત છે. 50 આખરે 50 જ થાય છે."

"નાહવા સાથે પણ એવું જ છે. આપણા બાળકોને દર શુક્રવારે નાહવાની જરૂર નથી. એ આખા વરસનું નાહવાનું એક જ વારમાં પૂરું કેમ કરી લેતા નથી."

અને પછી એણે એવું જ કર્યું.

બાળકો વરસમાં એક વાર નદીમાં નાહવા લાગ્યા. એ એક પછી એક 50 વાર નદીમાં જલ્દી-જલ્દી સ્નાન કરવા લાગ્યા. નાહવાનું તો પણ એને પસંદ ન હતું, પણ કેમકે વરસમાં એક જ વાર કરવાનું હતું, એટલે એણે વધારે ફરિયાદ ન કરી.



જે દિવસે બરફ પડયો

ચેલ્મનું શહેર ક્યારેક જ સુંદર દેખાય છે. સડકો ઘણીવાર કીચડથી ભરેલી રહેતી હતી. ઘરો બહુ જૂના થઇ ગયા હતા, અને એને રંગ લગાવવાની જરૂર હતી. અને જયારે પણ કોઇ ફૂલ ત્યાં ખીલતું હતું, તો કોઇ ભુખ્ખી બકરી એને ખાઇ જતી હતી.

પણ એક દિવસ અચાનક ચેલ્મ બહુ સુંદર થઇ ગયું. આ એ દિવસ હતો જયારે બરફ પડયો હતો.

પહેલા બરફ બહુ હલકો-હલકો પડી રહ્યો હતો. પછી બરફના મોટા-મોટા કકડા જમીન પર પડવા લાગ્યા. થોડા સમયમાં એક સુંદર સફેદ ધાબળાએ જાણે આખા શહેરને ઢાંકી દીધું.





સૌથી પહેલા એક પંચે ધ્યાન આપ્યું કે બરફ પડી રહ્યો છે.

"જુઓ," એણે કહ્યું, "મારા ઘરની છત બરફથી છવાઇ ગઇ છે. હવે મારે ચૂવે છે એ કાણાંમાં થીગડાં મારવાની જરૂર નથી. આ બરફ જ હવે પાણીને અંદર આવવા નહીં દે."



"અને હવે રસ્તાના સમારકામની પણ જરૂર નથી," બીજા પંચે કહ્યું. "બરફ પડવાથી બધા ખાડા ભરાઇ ગયા છે, અને રસ્તા સમતળ થઇ ગયા છે."



"પણ ચેલ્મના લોકોને હવે ઘરની અંદર જ રહેવું પડશે," સૌથી બુધ્ધિમાન બેરેલે કહ્યું. "જો એ બહાર નીકળશે, તો આ સુંદર મુલાયમ બરફ નષ્ટ થઈ જશે."

"બેરેલે સાવ બરાબર કહ્યું."

"પગ પડવાથી બરફની દુર્દશા થઈ જશે."

"બેરેલ હંમેશા સચોટ બોલે છે."




બેરેલે સ્મિત કર્યું, અને બોલ્યો, "સૌથી પહેલા આપણે એક સંદેશવાહકને ચેલ્મના બધા ઘરમાં મોકલવો પડશે. એ જઈને લોકોને જણાવશે, કે એમને એમના ઘરમાં જ રહેવાનું છે."



"પણ બાળકોનું શું થશે?" કોઇએ પૂછ્યું.

"એ આખી રાત સ્કૂલમાં કેવી રીતે રહેશે?"



બધા પંચ ફરી અંદર-અંદર ચર્ચા કરવા લાગ્યા.

"કોઈને પણ બરફ ઉપર ચાલવાની મંજૂરી નથી, બાળકોને પણ નહીં."

"પણ રાતે બાળકોને ઘરે જ હોવું જોઇએ."

"પણ એ બરફ પર ચાલી ન શકે, નહીં તો એના પગના નિશાન બરફ પર પડી જશે."

"પણ એ સ્કૂલમાં પણ રહી ન શકે, એને માટે સ્કૂલમાં પથારીઓ નથી."



"બસ બહુ થયું!" બેરેલે જોરથી કહ્યું. "તમે બધા મૂર્ખ છો," એણે કહ્યું. "બાળકોએ ઘરે તો પહોંચવું જ પડશે, અને એને બરફ પર ચાલવું પણ ન જોઈએ."


"પણ એવું કેવી રીતે થઈ શકે, કે એ બરફ પર ચાલે પણ નહીં, અને ઘરે પણ પહોંચી જાય," એક પંચે પૂછ્યું.

બેરેલે સ્મિત કર્યું. "જવાબ બહુ સરળ છે. આપણે બધા સ્કૂલ જશું, અને બાળકોને આપણા ખભા પર બેસાડીને એને ઘરે લઈ આવશું."

અને એમણે એવું જ કર્યું.

અને પછી જયારે બધા પંચ પંચાયતમાં પાછા ફર્યા, અને બારીની બહાર જોયું, તો એને ચારે બાજુ બરફ પર પગના નિશાન દેખાયા. જયારે એ એના ભીના બૂટ ઉતારી રહ્યા હતા, ત્યારે પણ એ સમજી ન શક્યા કે કોણ એના ઉપદેશની અવગણના કરીને બરફ પર ચાલ્યું છે.





ચેલ્મની નવી સ્કૂલ

ચેલ્મની સ્કૂલ બહુ નાની હતી, અને ઘણી જૂની થઇ ગઇ હતી. ઘણા બાળકોને ઉભા-ઉભા ભણવું પડતું હતું.




"આપણે એક નવી સ્કૂલની આવશ્યકતા છે," કોઇએ પંચોની સભામાં કહ્યું.

"જયારે વરસાદ આવે છે, ત્યારે છત ટપકવા લાગે છે. મારા બાળકનું માથું ભીનું થઇ જાય છે," બીજી વ્યક્તિએ કહ્યું.

"કક્ષા એટલી ખીચોખીચ ભરેલી હોય છે," શિક્ષકે પંચોને કહ્યું, "કે દરેક બાળકને ખબર હોય છે કે બીજું બાળક શું વિચારી રહ્યું છે. હું એની પરીક્ષા લઇ શકતો નથી."



"તો ઠીક છે," બેરેલે ઘોષણા કરી, "જો એક નવા વિધાલયની આવશ્યકતા છે, તો આપણે એને બનાવશું. અને કેમકે આ ચેલ્મ છે, આનાથી સારી સ્કૂલ આજ સુધી ક્યાંય બની નહીં હોય."



બીજે દિવસે વહેલી સવારે, ચેલ્મમાંની દરેક વ્યક્તિ નજીકના પહાડની ટોચ પર પહોંચી ગઈ. ત્યાં સેંકડો મોટા-મોટા પથ્થરો વિખરાયેલી પડયા હતા. લોકોની યોજના હતી એ પથ્થરોને આકાર આપીને નવી સ્કૂલની દીવાલો બનાવવાની.



દરેક પથ્થર એટલો ભારે હતો, કે એને ચાર-ચાર લોકોએ ઉઠાવ્યો, અને પહાડની નીચે લઇ ગયા.



જયારે એ પથ્થરોને નીચે લઇ જવામાં આવતા હતા, ત્યારે બધા બાળકો કુતૂહલથી જોઇ રહ્યા હતા. પછી, જયારે બધા પથ્થર નીચે આવી ગયા હતા, ત્યારે એક નાની છોકરીએ બેરેલની બાંય ખેંચી.


"આ તો કંઇ હોશિયારીનું કામ નથી," એ છોકરીએ કહ્યું.

"કેમ, શું થયું?"

"આટલા મોટા પથ્થરોને નીચે સુધી ઉઠાવીને લઇ જવાની શું જરૂરત હતી? નીચે તળેટીમાં તો કોઇ રહેતું નથી. જો પથ્થરોને પહાડની નીચે ગબડાવી દેવામાં આવ્યા હોત, તો એ કામ બહુ સરળતાથી થઇ જાત."

"હમ, તું બરાબર કહે છે," બેરેલે કહ્યું. બેરેલ દોડીને પહાડની નીચે ગયો, અને બધાને કહ્યું, "આ બધા પથ્થર પાછા પહાડની ટોચ પર લઇ જાઓ. હું તમારું કામ સરળ કરી દઉં છું. આ પથ્થરોને ઉપર લઇ જઇને બસ ધક્કો મારીને નીચે ગબડાવી દો."






અને પછી એમણે એવું જ કર્યું.

પથ્થરોને ઉઠાવીને ફરી ઉપર લઇ જવું બહુ મુશ્કેલ કામ હતું. પણ એને ધક્કો મારીને ગબડાવવામાં જરાય મહેનત ન લાગી.

સમાપ્ત



BONIM BOOKS

ISBN 0-88482-